રાજભવન, ગાંધીનગર.
તા. ૨૦/૦૩/૨૦૧૫

## ગુજરાત રાજ્ય ત્રીજા નાણાં પંચે તેનો બીજો પુરક અહેવાલ રાજ્યપાલશ્રીને સુપરત કર્યો

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીને આજે રાજભવન ખાતે ત્રીજા રાજ્ય નાણાંપંચનો બીજો પૂરક અહેવાલ અધ્યક્ષશ્રી ડૉ. ભરત ગરીવાલાએ સુપરત કર્યો હતો. આ પ્રસંગે નાણાં પંચના સભ્યો શ્રી યમલ વ્યાસ, શ્રી દિનેશ ચોકસી, સભ્ય-સચિવ શ્રી ડી. એન. પાંડે તથા વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

રાજ્યપાલશ્રી સાથેની મુલાકાત દરમ્યાન ડૉ. ભરત ગરીવાલાએ જણાવ્યું હતું કે રાજ્યની કરની કુલ આવકમાંથી ગુજરાતની ગ્રામીણ તથા શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને દર વર્ષે ચોકકસ હિસ્સો ફાળવવા માટે નાણાં પંચે પ્રથમવાર જ વૈજ્ઞાનિક ફોર્મ્યુલા બનાવી છે અને તેની ભલામણ કરી છે. નાણાં પંચે સને ૨૦૧૭-૧૮ સુધીના પાંચ વર્ષને આવરી લેતો તેનો મુખ્ય અહેવાલ મે-૨૦૧૪માં સુપરત કર્યો હતો. હાલનો આ પુરક અહેવાલ સન ૨૦૧૯-૨૦ સુધીના બીજા બે વર્ષને આવરી લે છે.

---

પ્રેસ સચિવ